
# ભારતને સુશીલ કુમારે છઠ્ઠો ચંદ્રક અપાવ્યો

## ૬૬ કિ.ગ્રા. કુસ્તીમાં સુશીલ કુમારને રજત ચંદ્રક



### ભારતને વધુ એક રાહત : સતત બે ઓલિમ્પિકમાં મેડલ જીતનાર સુશીલ પ્રથમ ભારતીય

લંડન,તા. ૧૨

લંડન ઓલિમ્પિકમાં આજે સુસીલ કુમારે ઈતિહાસ સર્જયો હતો. સુશીલ કુમારે આજે કુસ્તી સ્પર્ધામાં રજત જીતી લેવામાં સફળતા મેળવી હતી. જો કે સુશીલ કુમારની ફાઈનલમાં હાર થતા ભારતીય ચાહકોને થોડીક નિરાશા થઈ હતી. જો કે રજત ચન્દ્રક જીતી જતા ભારતને વધુ એક મોટી સફળતા હાથ લાગી છે. સુશીલ કુમારના ગામ બાપરોલામાં ભવ્ય ઉજવણી શરૂ થઈ હતી. લંડન ઓલિમ્પિકમાં ભારતીય કુસ્તીબાજ સુશીલ કુમાર ૬૬ કિલોગ્રામ વર્ગની ફ્રી સ્ટાઈલ કુસ્તીની ફાઈનલમાં જાપાનના યોનેમિત્સુ તાતસુહિરુ સામે હારી ગયો હતો.તમામ લોકો માની રહ્યા હતા કે તે સુવર્ણ જીતી જવામાં સફળ રહેશે પરંતુ જાપાની ખેલાડી સામે તે નબળો સાબિત થયો હતો. બે ઓલિમ્પિકમાં ચન્દ્રક જીતનાર તે પ્રથમ ખેલાડી છે. લંડન ઓલિમ્પિકમાં ભારત હવે સુવર્ણ નહી જીતી શકે તે બાબત નિશ્ચિત બની છે.જાપાની ખેલાડી સામે સુશીલની ૩-૧થી હાર થઈ હતી. જો કે સુશીલે નવો ઈતિહાસ સર્જોયો છે. સતત બે ઓલિમ્પિકમાં ચન્દ્રક જીતનાર તે પ્રથમ ભારતીય ખેલાડી બની ગયો છે. ઓલિમ્પિકના ઈતિહાસમાં ભારતે કુસ્તીમાં ચોથો ચન્દ્રક જીત્યો છે. કેડી જાદવે ૧૯૫૨ અને યોગેશ્વર દત્તે ૨૦૧૨માં ચન્દ્રક જીત્યો હતો. સુશીલના આજના મેડલની સાથે જ ભારતે લંડનમાં કુલ છ મેડલ જીત્યા છે. વિશ્વના સૌથી મોટા રમતોત્વમાં ભારતીય ખેલાડીઓનો આ સર્વશ્રેષ્ઠ દેખાવ છે. કુસ્તી અને શુટિંગમાં ભારતને બે બે મેડલ મળ્યા છે. જ્યારે બેડમિન્ટનમાં સાઈનાએ મેડલ જીત્યો હતો. જશનનો માહોલ જામી ગયો છે. લંડન ઓલિમ્પિકમાં કાસ્ય ચન્દ્રક જીતનાર ભારતીય મહિલા બોક્સર એમસી મેરીકોમે કહ્યું છે કે સુશીલ કુમાર પર સમગ્ર ભારતને ગર્વ છે. સુસીલ કુમારના પિતા દિવાન સિંહે કહ્યું છે કે સુવર્ણ ચન્દ્રક ન મળતા થોડીક નિરાશા હાથ લાગી છે. તેમણે કહ્યું છે કે ભારતમાં પુરતી ટ્રેનિગ નહી મળવાના કારણે કારમી હાર થઈ છે. ભારતીય કુસ્તી એસોસિએશન સંઘના મહાસચિવ અને ટીમ લીડર રાજ સિંહે કહ્યું હતું કે કુશ્તીબાજ સુશીલ કુમારને મેચ પહેલા ડિહાઈડ્રેશન થતા તેની હાર થઈ હતી.

## સરકાર શાસન કરવા માટે અધિકારો ગુમાવી ચુકી છે : બાબા રામદેવ

નવી દિલ્હી,તા.૧૨

યોગ ગુરૂ બાબા રામદેવે આજે કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકારની જોરદાર ટિકા કરી હતી અને કહ્યું હતું કે સરકાર ભ્રષ્ટાચાર પર અંકુશ મુકવા માટે રાજકીય ઈચ્છાશક્તિ ધરાવતી નથી. સરકાર વિદેશી રાષ્ટ્રોમાં પડેલા કાળા નાણાંને સ્વદેશમાં ફરત લાવવા માટે પણ ઉદાસીન દેખાઈ રહી છે. રામલીલા મેદાન ખાતે બાબા રામદેવે સરકાર સામે આકરા પ્રહારો કર્યા હતા. રામદેવે તેમની ચાવીરૂપ માંગણીઓને સ્વીકારી લેવા માટે સાંજે પાંચ વાગે સુધીની મહેતલ આપી હતી. જે પૂર્ણ થઈ હતી. સરકાર તરફથી કોઈ પ્રતિસાદ મળ્યો મ હતો. રામદેવે કહ્યું હતું કે સરકાર લોકોના અધિકાર પર લૂટ ચલાવી રહી છે. સરકારે દેશને હરાજીમાં મુકવાની તૈયારી કરી લીધી



છે. યોગ ગરૂએ કહ્યું હતું કે સરકારને મજબુત લોકપાલ બિલ લાવવામાં કોઈ રસ ધરાવતી નથી. તેમના ઉત્સાહિત દેખાઈ રહેલા સમર્થકો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે સરકાર સારી રીતે જાણે ચે કે જો મજબુત લોકપાલ બિલ લાવવામાં આવશે તો તેના ૯૦ ટકા પ્રધાનો જેલમાં જસે. રામદેવે સાફ શબ્દોમાં કહ્યું હતું કે તેઓ તેમનુ આંદોલન દેશભરમાં લઈ જશે. તેમની ચળવળમાં ભાગ લેવા રામદેવે લોકોને અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે તેમની ચળવળ પાછળ કોઈ રાજકિય હેતુ નથી. તેઓ સામાજિક અને લોકશાહી એજન્ડા ધરાવે છે. તેમની ચળવળ અહિંસા અને શાંતિ ઉપર આધારીત રહેશે. યોગગુરૂ રામદેવ આવતીકાલ સોમવારે ભાવી રણનિતીની જાહેરાત કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. રામદેવ વડાપ્રધાન મનમોહનસિંહને પત્ર લખીને તેમની માંગણી અંગે વાત કરી શકે છે.

## માનવ બોમ્બથી હુમલા કરવાની ધમકી : દેશભરમાં સઘન સુરક્ષા

નવી દિલ્હી, તા.૧૨

સ્વતાંત્રતા દિવસ આડે ગણતરીના દિવસો બાકી રહી ગયા છે ત્યારે દેશભરમાં અભુતપુર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. વિમાનોના અપહરણ કરી લેવા અને આત્મઘાતી હુમલાઓ કરવાની માહિતી મળ્યા બાદ સુરક્ષા સંસ્થાઓ બિલકુલ સાવધાન થઈ ગઈ છે. માનવ બોમ્બ મારફતે પણ હુમલાઓ કરવાની ધમકી મળ્યા બાદ સુરક્ષા સંસ્થાઓ કોઈપણ તક લેવા ઈચ્છુક નથી. કેન્દ્રિય સુરક્ષા સંસ્થાઓ પોતાની રીતે આવા હુમલાઓને નિષ્ફળ બનાવવા કમર કસી ચુકી છે. રાષ્ટ્રિય પાટનગર દિલ્હી અને અન્ય મોટા શહેરોમાં માનવ બોમ્બ સહિત જુદી જુદી રીતે હુમલા કરવાની ગુપ્ત માહિતી હાલમાં હાથ લાગી છે. આસામમાંથી મોટાભાગની ગુપ્ત માહિતી હાથ લાગી રહી છે. આસામમાં બોડો અને માઈગ્રન્સ લોકો વચ્ચે થયેલી સાંપ્રદાયિક હિંસામાં ૭૭ લોકોના મોત થઈ ચુક્યા છે. આસામ હિંસાની અસર ગઈકાલે વાણિજ્ય પાટનગર મુંબઈમાં પણ જોવા મળી હતી. મુંબઈમાં પણ ગઈકાલે બે લોકોને મોત થયા હતા. આસામ અને મુંબઈમાં હિંસા થયા બાદ સુરક્ષા વ્યવસ્થામાં કોઈ બાંધ છોડ કરવા સુરક્ષા વ્યવસ્થા ઈચ્છુક નથી. ભુતકાળમાં ઈન્ટલિજન્સ બ્યુરો દ્વારા આવી માહિતીની વહેચણી કરવામાં આવતી હતી. પરંતુ આ વખતે ગૃહ મંત્રાલય દ્વારા એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે સંસ્થા રાજ્યોની અંદર તમામ માહિતીઓની આપ લે કરશે.



સાવચેતીના પગલારૂપે પ્રમાણિકતાની પણ ચકાસણી કરવામાં આવી રહી છે. ગુવાહાટીથી એક માહિતી એવી પણ મળી છે કે લશ્કરે તોઈબાના ત્રાસવાદીઓ વિમાનનું અપહરણ કરી શકે છે. ચકસાણીની પ્રક્રિયા જમ્મુ કાશ્મીર પોલીસ, ઈન્ટલિજન્સ બ્યુરો, કેન્દ્રિય સુરક્ષા સંસ્થાઓ અને અન્ય સુરક્ષા સંસ્થાઓ દ્વારા કરવામાં આવી રહી છે. જુદા જુદા રાજ્યોની પોલીસે પણ સુરક્ષા વ્યવસ્થા વધુ મજબુત બનાવી દીધી છે. સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે. રાષ્ટ્રિય પાટનગર દિલ્હીમાં વડાપ્રધાન મનમોહનસિંહ ઐતિહાસીક લાલ કિલ્લાના રેમ્પપર્ટ પરથી તિરંગો ધ્વજ લહેરાવશે અને દેશને સંબોધન કરશે. પોલીસે પહેલાથી જ આ વિસ્તારોમાં સુરક્ષા ડ્રિલીંગની પ્રક્રિયા હાથ ધરી લીધી છે. પેટ્રોલિંગની પ્રવૃત્તી વધુ તીવ્ર બનાવવામાં આવી છે. દિલ્હીમાં બહાર જવા અને દિલ્હીમાં પ્રવેશવાના તમામ માર્ગો ઉપર બાજ નજર રાખવામાં આવી રહી છે. દરમિયાન સ્વતંત્રતા દિવસની ઉજવણી પહેલા પશ્ચિમી દરિયાકાંઠા પર સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. અહીં એલર્ટની જાહેરાત પણ કરવામાં આવી છે. હુમલા કરવાના ઈરાદાથી આતંકવાદીઓ દરિયાઈ માર્ગ મારફતે પણ ઘુસી શકે છે. સંબંધીત રાજ્ય સરકારને આ અંગે જાણ પણ કરી દેવામાં આવી છે. આવનાર દિવસો સુરક્ષા સંસ્થાઓ અને પોલીસ માટે પડકારરૂપ બની શકે છે. કારણ કે સ્વતંત્રતા દિવસની ઉજવણીની તૈયારી દેશભરમાં ચાલી રહી છે. દરેક રાજ્યોમાં પોતપોતાની રીતે આની ઉજવણી થનાર છે. દર વર્ષે સ્વતંત્રતા દિવસ પહેલા સુરક્ષા વ્યવસ્થા વધુ મજબુત કરવામાં આવે છે.

## મુંબઇમાં હિંસાના સંબંધમાં ૨૫ની ધરપકડ

મુંબઈ,તા.૧૨


મુંબઈમાં વ્યાપક હિંસાના એક દિવસ બાદ જુદી જુદી જગ્યાઓ ઉપર ધરપકડનો દોર હાથ ધરવામાં આવ્યો છે. આ સંબંધમાં ૨૫થી વધુ લોકોની પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. શંકાસ્પદ સ્થળો પર ઉંડી ચકાસણી ચાલી રહી છે. પોલીસે કહ્યું છે કે આઝાદ મેદાન નજીક ગઈકાલની હિંસાના સંબંધમાં ઓછામાં ઓછા ૨૫ લોકોને પકડી પાડવામાં આવ્યા છે. ગઈકાલે થયેલી હિંસામાં બેના મોત થયા હતા અને ૫૫ લોકો ઘાયલ થયા હતા. પોલીસે આજે માહિતી આપતા કહ્યું હતું કે હિંસાગ્રસ્ત વિસ્તારોમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. વધારાના પોલીસ જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. પોલીસ અધિકારીએ કહ્યું છે કે શનિવાર સાંજથી જ સ્થિતી ફરી સામાન્ય બની ગઈ છે. આઝાદ મેદાનની આસપાસ પુરતી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ધરપકડ કરવામાં આવેલા લોકોની સામે આઈપીસીની જુદી જુદી કલમો લાગુ કરવામાં આવી છે. જેમાં ચોરી અને સતામણીની કલમનો સમાવેશ થાય છે. હિંસા દરમિયાન તોફાની ટોળાએ મહિલા પોલીસ કર્મચારી પાસેથી એક પિસ્તોલ આંચકી લીધી હતી. આ ઉપરાંત બે સેલ્ફ લોડિંગ રાઈફલ પણ આંચકી લીધી હતી. આસામમાં હિંસા સામેના વિરોધમાં ગઈકાલે ભડકી ઉઠેલી હિંસામાં ૫૫ લોકો ઘાયલ થયા હતા. જે પૈકી ૪૫ પોલીસ જવાનો ઘાયલ થયા હતા. તોફાની ટોળાએ બસને નુકસાન પહોંચાડ્યું હતું. વાહનોને આગ ચાંપી દેવામાં આવી હતી. પત્થરમારો પણ કર્યો હતો. આસામમાં હિંસા સામેના વિરોધમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રેલી અને દેખાવોએ હિંસક સ્વરૂપ ધારણ કરી લેતા સ્થિતી વણસી ગઈ હતી. આસામમાં હિંસાને વખોવી કાઢવા શહેર સ્થિતી રાજા એકેડમી દ્વારા વિરોધની હાકલ કરવામાં આવી હતી. આ વિરોધમાં ઘણી લઘુમતી સમુદાયની સંસ્થાઓ જોડાઈ હતી.

## ત્રીજા મોરચાની શક્યતા ચકસવા મુલાયમ સજ્જ

લખનૌ, તા.૧૨

ઉત્તરપ્રદેશમાં તાજેતરમાં જ યોજાયેલી વિધાનસભાની ચુંટણીમાં શાનદાર જીત મેળવ્યા બાદ સમાજવાદી પાર્ટીના પ્રમુખ મુલાયમસિંહ યાદવ આગામી લોકસભાની ચુંટણીમાં ત્રીજા મોરચાની શક્યતા ચકાસવામાં લાગી ગયા છે. ત્રીજા મોરચાના આધાર પર મુલાયમસિંહ કેન્દ્રમાં મોટી અને મહત્વપુર્ણ ભુમિકા અદા કરાવની યોજના ધરાવે છે. છેલ્લી બે લોકસભાની ચુંટણીમાં સાંસદોની સારી સંખ્યા હોવા છતાં કેન્દ્ર સરકારમાં મુલાયમસિંહ સામેલ થઈ શક્યા નથી. જેથી આ વખતે મુલાયમસિંહ કોઈપણ નબળાઈ રહે તેમ ઈચ્છતા નથી. મુલાયમસિંહ માને છે કે વર્ષ ૨૦૧૪માં ત્રિજા મોરચાની રચના થશે અને તેમની પાર્ટીના ૫૦થી વધુ સાંસદ જીતશે તો વડાપ્રધાન બનાવના તેમના સ્વપ્ર પુર્ણ થવાની આશા જાગી શકે છે. ઉત્તરપ્રદેશમાં અખિલેશ સરકારની કામગીરીના આધાર ઉપર આ સ્વપ્ર પુર્ણ થઈ શકે છે.



૧૫મી ઓગષ્ટે દિલ્હી ખાતે યોજાનાર પરેડ દરમિયાન રાષ્ટ્રને સંબોધવા માટે ભાષણની તૈયારી કરતા પ્રધાનમંત્રી મનમોહનસિંહ.

## ઝલક દીખલા જા-પમાંથી રવિ કિશન આખરે આઉટ

મુંબઈ, તા.૧૨

ભોજપુરી ફિલ્મના અભિનેતા રવિકિશન ટેલિવિઝન રિયાલીટી શો ઝલક દિખલા જા-પમાંથી બહાર થઈ ગયો છે. રવિએ ડાન્સ નિર્દેશક કુંજનની સાથે ડાન્સની જુદી જુદી શૈલી મારફતે આ શોને જીતવાના પ્રયાસ કર્યા હતા. ડાન્સની જુદી જુદી શૈલી ટેન્ગો, સાલસા અને બોલિવુડ મારફતે આ શોને જીતવાના રવિકીશને પ્રયાસ કર્યા હતા. રવિકીશને અભિનેત્રી વૈજન્તી માલાની ફિલ્મ જ્વેલથીફના ગીત ઉપર ડાન્સ કરીને તમામ લોકોને રોમાંચિત કરી દીધા હતા. પરંતુ રવિની તમામ મહેનત ઉપર પાણી ફરી વળ્યુ હતું. મોટીસંખ્યામાં ચાહકોનો ટેકો પણ રવિકિશનને મળ્યો હતો. શનિવારે મંચ છોડી દેવાની રવિકિશનને ફરજ પડી હતી. આ શોમાં નિર્ણય વોટ અને જજ દ્વારા આપવામાં આવેલા નંબર પ્રતિક્રિયાના આધાર ઉપર કરવામાં આવે છે. રવિકિશન ડાન્સમાં કુશળતા મેળવી ચુક્યો છે. ભોજપુરી ફિલ્મોમાં તે તાજેતરના વર્ષોમાં સુપરસ્ટાર અભિનેતા તરીકે ઉભરીને બહાર આવ્યો છે. રવિકિશનની લોકપ્રિયતા ઉત્તરપ્રદેશમાં અનેક ઘણી વધી છે. ઝલક દીખલા જા-પમાંથી રવિકિશન બહાર થઈ જતા તેના ચાહકોને હતાશા હાથ લાગી છે. એમ માનવામાં આવી રહ્યું હતું કે રવિકિશન જ આ સ્પર્ધા જીતશે અને તે જલખ દીખલા જામાં ચેમ્પિયન બનશે પરંતુ તે ફેંકાઈ ગયો છે.

## માનેસરના પ્લાન્ટને આજે ફરી ખોલી દેવામાં આવશે

નવી દિલ્હી, તા.૧૨

વ્યાપક હિંસા થયા બાદ મારૂતિના માનેસર પ્લાન્ટને આવતીકાલે ફરી ખોલવાનો નિર્ણય આખરે લઈ લેવામાં આવ્યો છે. મારૂતિ સુઝુકીએ આ નિર્ણય લીધા બાદ કર્મચારીઓમાં પણ રાહત દેખાઈ રહી છે. જો કે મારૂતિ મેજનેજમેન્ટ હવે વધુ કડક રીતે આગળ વધે તેવી શક્યતા દેખાઈ રહી છે. મારૂતિ સુઝુકી પોલીસ રક્ષણ હેઠળ માનેસર પ્લાન્ટને ઓપરેટ કરવા માંગે છે. હરિયાણા સરકાર કોઈપણ પ્રકારની તક લેવા ઈચ્છતી નથી જેથી તમામ પ્રકારની સુવિધા ઉપલબ્ધ કરાવવાની ખાતરી આપી છે. હવે આવતીકાલથી મારૂતિ સુઝુકીના માનેસર પ્લાન્ટમાં પ્રોડક્શનની કામગીરી ફરી શરૂ થશે. રાજ્ય વહિવટી તંત્રએ તમામ સંભંવિત પગલા લેવાના ખાતરી આપી છે. મારૂતિ સુઝુકીએ પ્લાન્ટ બંધ રાખવાના ગાળ દરમિયાન આ પ્લાન્ટને અન્યત્ર ખસેડવા સહિતના ઘણા પાસા ઉપર ચર્ચા કરી હતી. રાજ્ય વહિવટી તંત્ર સાથે પણ વાતચીત કરવામાં આવી હતી. હરિયાણાના વરિષ્ઠ પોલીસ અધિકારીએ કહ્યું છે કે આવતીકાલે પ્લાન્ટની પુનઃ શરૂઆત થશે ત્યારે તમામ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. બીજીબાજુ પોલીસ અધિકારી યોગેન્દ્ર મહેરાના નેતૃત્વ હેઠળ બટાલિયન ગોઠવવામાં આવશે. સરકારે એવો નિર્ણય કર્યો છે કે માનેસર પ્લાન્ટમાં એક સંપુર્ણ બટાલિયન તૈનાત કરવામાં આવશે. એસએસપી રેન્કના અધિકારીના નેતૃત્વ હેઠળ આ ટુકડી કામ કરશે. મારૂતિ પ્લાન્ટમાં પોલીસ કેટલા સમય સુધી રોકાશે તે અંગે પુછવામાં આવતા જોઈન્ટ કમિશ્નર ઓફ પોલીસ અનિલકુમારે કહ્યું હતું કે પ્લાન્ટ ખોલવામાં આવ્યા બાદ આગામી નિર્ણય લેવામાં ન આવે ત્યાં સુધી ૫૦૦થી ૬૦૦ પોલીસ જવાનોની ઉપસ્થિતી રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે ૧૮મી જુલાઈના દિવસે માનેસર પ્લાન્ટમાં હિંસા ભડકી ઉઠ્યા બાદથી આ પ્લાન્ટ ખાતે હરિયાણા પોલીસ સુરક્ષામાં છે. હિંસામાં એકનું મોત થયું હતું અને અન્ય ૧૦૦ લોકો ઘાયલ થયા હતા. ૨૧મી જુલાઈ બાદથી પ્લાન્ટ બંધ છે.

### શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

જો કે ગુજરાતની ભૌગોલિક સ્થિતિ જોતાં ગુજરાતમાં ઉંચા તરફ આચ્છાદિત ડુંગરા નથી. અલબત્ત ગુજરાત ડુંગરાઓ રળિયામણી છે, લીલીછમ વનરાજીથી ભરપુર છે. તેથી ઈકો ટૂરિઝમની ઘણી શકયતાઓ અહીં પડેલી છે. જે પ્રકૃતિ તરફ પાછા ફરવાની પ્રેરણા આપે છે. એ માટેના ગ્રીન લોઝ અર્થાત હરિત કાયદાઓ પ્રવાસીઓને પર્યાવરણ પ્રત્યે સભાન બનાવે છે. દરિયાકાંઠા, વન્ય જીવન, નદી - નાળા જેવા સ્થાનોને પ્રવાસીઓ પેટ ભરીને માણે પણ સાથે તેને સ્વચ્છ, સુરક્ષિત અને યથાવત રાખે તે પણ જરૂરી છે. ટાપુઓની ચળકતી રેતી, દરિયાકાંઠો, ભૂરા પાણી નીચે પાંગરેળી જીવસૃષ્ટિ અને હરિયાલાં જંગલો પ્રવાસીઓને આકર્ષે છે.

આ ઉપરાંત ગુજરાતમાં સાહસ સફર (એડવેન્ચર ટુરીઝમ) ખેલકુદ પ્રવાસન (સ્પોર્ટ્સ ટુરીઝમ), સંમેલન અને સેમિનાર પ્રવાસ (કોન્ફરન્સ એન્ડ સેમીનાર ટુરીઝમ), સ્વાસ્થ્ય પ્રવાસન (હેલ્થ પ્રવાસન), મનોરંજનાત્મક ટુરીઝમ, ધાર્મિક પ્રવાસનની પણ ઘણી શકયતાઓ પડેલી છે. તેના તરફ આ પુસ્તકમાં અંગૂલી નિર્દેશ કરવામાં આવ્યો છે.

પ્રવાસન : સિધ્ધાંત અને વ્યવહાર - પુસ્તકના લેખક ડૉ. મહેબુબ દેસાઈનું વતન ધંધુકા છે. તા. ૫-૧-૧૯૫૩ના અમદાવાદ ખાતે જન્મેલા મહેબુબભાઈએ એમ.એ.,એલ.એલ.બી., પી.એચડી., સુધી અભ્યાસ કરેલ છે. તેઓ ભાવનગર યુનિવર્સિટીમાં ઈતિહાસ અનુસ્નાતક ભવનના અધ્યક્ષ અને પ્રોફેશર છે. ગુ.સા. અકાદમી દ્વારા પુરસ્કૃત લેખકનાં ઈતિહાસ, ચરિત્ર, ચિંતન, નિબંધ, પ્રવાસન અંગેના પુસ્તકો પ્રગટ થયેલાં છએ. વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને પ્રવાસનક્ષેત્રે કાર્યકરતા કે કામ કરવા માંગતા સૌ કોઈને ઉપયોગી થાય તેવું એક મુળ આધારભૂત પુસ્તક પ્રગટ કરવા માટે ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય અને લેખક બંને અભિનંદનને પાત્ર છે.

**પ્રવાસન : સિધ્ધાંત અને વ્યવહાર**
**લેખક : ડો. મહેબુબ દેસાઈ**
**પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળના નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૧૨, કિંમત : રૂા. ૧૫૦, પૃષ્ઠ : ૬ + ૧૯૪**

## બરેલીમાં સાંપ્રદાયિક હિંસા થયા બાદ સંચારબંધી જારી

બરેલી, તા.૧૨

ઉત્તરપ્રદેશના બરેલીમાં શોભાયાત્રા કાઢવામાં આવ્યા બાદ બે સમુદાય વચ્ચે થયેલી હિંસક અથડામણ બાદ ચાર પોલીસ સ્ટેશન વિસ્તારોમાં અચોક્કસ મુદતની સંચારબંધી લાદવામાં આવી છે. સતત બીજા દિવસે બરેલીના હિંસાગ્રસ્ત વિસ્તારોમાં સંચારબંધી જારી રહી હતી. બે સમુદાય વચ્ચે હિંસક અથડામણ થયા બાદ એકાએક પરિસ્થિતી વણસી ગઈ હતી. પોલીસના જણાવ્યા મુજબ શહેરના જગતપુર વિસ્તારમાં ગઈકાલે જન્માષ્ટમની શોભાયાત્રા પરંપરાગત માર્ગ પરથી આગળ કાઢવામાં આવ્યા બાદ બે સમુદાય વચ્ચે અથડામણ થઈ હતી. આ ગાળા દરમિયાન બંને પક્ષોએ સામસામે જોરદાર પત્થરમારો ચલાવ્યો હતો. સ્થિતીને કાબુમાં લેવા માટે પોલીસને લાઠી ચાર્જ કરવાની અને ટિયરગેસના સેલ છોડવાની ફરજ પડી હતી. આ હિંસાના સમાચારના ફેલાયા બાદ અન્ય વિસ્તારમાં પણ હિંસા ભડકી ઉઠી હતી. જેથી શહેરના કિલ્લા, બારાદરી, કોટવાલી અને પ્રેમનગર પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારોમાં



સંચારબંધી લાગુ કરવામાં આવી હતી. બરેલીના જિલ્લા અધિકારી અભિષેક પ્રકાશે આજે માહિતી આપતા કહ્યું હતું કે હાલમાં સ્થિતી કાબુમાં છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં સંચારબંધી અમલી બનાવી દેવામાં આવી છે. વરિષ્ઠ અધિકારી જુદા જુદા ક્ષેત્રોમાં પરિસ્થિતી પર નજર રાખી રહ્યા છે. પ્રકાશે કહ્યું છે કે હિંસાગ્રસ્ત વિસ્તારોમાં મોટી સંખ્યામાં પોલીસની સાથે પીએસઈ અને આરએફના જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. ધરપકડ અંગે પુછવામાં આવતા પ્રકાશે કહ્યું હતું કે પ્રથમ પ્રાથમિક્તા સ્થિતી શાંતિપુર્ણ બનાવવાની છે. હિંસક તત્વોની ઓળખ કરવામાં આવી રહી છે. હિંસામાં સામેલ થયેલા લોકો સામે કઠોર પગલા લેવામાં આવશે. હિંસામાં આસરે બે ડઝનથી વધુ લોકો ઘાયલ થયા છે. જો કે વહિવટી તંત્ર તરફથી હજુ કોઈ માહિતી અપાઈ નથી. અત્રે નોંધનીય છે કે આ અગાઉ બરેલીમાં એક અન્ય મામલાને લઈને સાંપ્રદાયિક હિંસા થઈ હતી. ત્યારબાદ ૧૭ દિવસ સુધી અચોક્કસ મુદતની સંચારબંધી રહી હતી. ત્રણ દિવસ પહેલા જ સંચારબંધી હટાવવામાં આવી હતી.

## દિલ્હી વિધાનસભા ચુંટણીમાં પોતાના ઉમેદવારને ઉતારાશે

નવી દિલ્હી, તા.૧૨

ભ્રષ્ટાચારની સામે જંગ ખેલનાર અણ્ણાના સાથીઓએ વર્ષ-૨૦૧૪ની સામાન્ય ચુંટણી પહેલા દિલ્હી વિધાનસભાની ચુંટણીમાં પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતારવાનો નિર્ણય કર્યો છે. અણ્ણાના સાથીઓ રાજકિય પક્ષ બનાવીને ચુંટણી મેદાનમાં ઉતરશે. સુત્રોના જણાવ્યા મુજબ દિલ્હીના કાર્યકરોની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. દિલ્હીમાં ૨૦૧૩માં વિધાનસભાની ચુંટણી યોજનાર છે.

વર્ષ ૨૦૧૪માં લોકસભાની ચુંટણી પણ યોજાનાર છે. પરંતુ આ પહેલા દિલ્હીમાં થનાર વિધાનસભા ચુંટણીમાં અણ્ણાના સાથી પોતાની તાકત અજમાવા માંગે છે. અત્રે ઉલ્લેખનીય છે દિલ્હીમાં અણ્ણાના સાથીઓને સફળથા હાથ લાગી હતી. જેથી અણ્ણાના સાથીઓને આશા છે કે તેમની આ ઝુંબેશને સફળતા મળશે. અરવિંદ કેજરીવાલે એમપણ કહ્યુંછે કે અણ્ણાના કહ્યા બાદ જ રાજકીય પાર્ટી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

### પરણેતરની પ્રીત (પાના નં. ૪ નું ચાલુ)

કોઈ છોકરા આશાના હાથમાંથી ફોટો ઝુટવી લેવા તરાપ મારતા પણ તે ફોટો કોઈનાં હાથમાં જવા દેતી નહિ ને મજબૂત પકડીને રાખતી.

ઘણા છોકરા આશાને ચીડવવા કહેતા 'આશા જો સામે આવે તે તારો ધણી છે.'

આશા દોડીને જાતીને એનો હાથ પકડીને કહેતી 'દેવા તું આટલા બધાં દિવસોથી કયાં ગયો હતો?'

આથી પેલાભાઈ આશાને ધક્કો મારી હડસેલતા કહેતા, 'એય, ભાગ ગાંડી.' 'અરે દેવા, તું આમ કેમ કરે છે?'

હું તારી પરણેતર છું. તારી પત્ની છું પત્ની' પરંતુ પેલી વ્યક્તિ આશાને ધક્કો મારી કાઢી મુકતાં ગુસ્સે થઈને કહેતી 'એય... ગાંડી ભાગ...!' અને છેવટે રોડ પર બેસી રડતી હતી.

વળી પાછા કોઈ છોકરાઓ ખીજવવાં કહેતા 'આશા, તારા પતિ આજે ટ્રેનમાં આવવાનાં છે?'

આથી આશા સ્ટેશન બાજુ દોટ મુકતી એની પાછળ છોકરાઓ દોડતા ને 'આશા ગાંડી... ગાંડી...'કહેતાં ખીંજવતા તેની પાછળ દોડતાં હતા. છેવટે આશાને નારી કેન્દ્રમાં દાખલ કરવામાં આવી.

આમ લગ્ન બાદ સીમંત ભરી તેડી લાવ્યાને માનસિક સમતુલા ગુમાવી બેસનાર આશાની નજર સમક્ષ તેના જીવનના દરેક દશ્યો તેના માનસપટની સ્મૃતિમાં તરવરતા તેણી ધ્રુસકે ધ્રુસકે રડી પડી. તેનો અતિત તેની સામે ચિત્રપટ જેમ નજર સમક્ષ તરવરતા તેણી ચીસ પાડી તેના પતિને બોલાવા લાગી. 'ઓ દેવા... દેવા... તું કયાં છે?' તું મને એકલી મુકીને કયાં ગયો છે? આમ આશા સંપૂર્ણ ભાનમાં આવી જતાં બોલી ઊઠી, 'દેવા... ઓ... દેવા... હું તો તારી પરણેતર છું. તું મારો પરણેતર છે. અને પરણેતરની પ્રીત તો અતુટ હોય છે. આપણો પ્રેમ તો અમર છે. જયાં સુધી આપણા દેહમાં પ્રાણ છે. ત્યાં સુધી આપણી પ્રીત અમર થઈને રહેશે. એમ કહેતા તેણી ચીસ પાડી ઊઠી.' દેવા... ઓ... દેવા... તું મને અહીંથી લઈ જા... ઓ દેવા...' આમ ચીસો પાડતા નારી કેન્દ્રની બહેનો અને ગૃહમાતા દોડતાં આવ્યા અને ગૃહમાતાએ કહ્યું, 'આશા, તને શું થઈ ગયું તું કેમ રડે છે?'

(ક્રમશઃ)